જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૧૩-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

વડાપ્રધાને મહારાષ્ટ્રના અહમદનગરમાં ચૂંટણી સભાને સંબોધી

પ્રામાણિક ચોકીદાર જોઈએ કે ભ્રષ્ટ નામદાર, દેશ નક્કી કરે: પીએમ મોદી

કોંગ્રેસ-એનસીપીની મહામિલાવટના પોકળ વચનો, રાષ્ટ્રીય સુરક્ષા સાથે સમાધાન મંજૂર છે?

અહમદનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ મહારાષ્ટ્રના અહમદનગરમાં એક ચૂંટણી સભાને સંબોધી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ સહિત વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે તમારો એક મત આ ચોકીદારને મજબુત બનાવશે. પીએમ મોદીએ પોતાના ભાષણમાં કહ્યું કે આજે દુનિયા ભારતને મહાશક્તિ માને છે. પરંતુ પહેલા જ્યારે ૧૦ વર્ષ સુધી એક સરકાર હતી તો દેશમાં નિરાશા હતી. દેશે નક્કી કરવાનું છે કે હવે ઈમાનદાર ચોકીદાર જોઈશે કે પછી ભ્રષ્ટાચારી નામદાર, દેશને હિન્દુસ્તાનના હીરો જોઈએ કે પછી પાકિસ્તાનના પક્ષકાર. તેમણે કહ્યું કે ચોકીદારે આતંકીઓમાં ડર પેસાડી દીધો છે. ચોકીદાર તેમને પાતાળમાંથી પણ બહાર કાઢીને સજા આપશે.

પીએમ મોદીએ કહ્યું કે ગત સરકાર પાકિસ્તાનની સામે નબળી લાગતી હતી. ચોકીદારની સરકાર આતંકીઓને ઘરમાં ઘૂસીને મારવાની મંજૂરી આપે છે. તેમણે કહ્યું કે તેનાથી દેશવાસીઓ ખુશ છે, પરંતુ કેટલાક લોકો ખુશ નથી. આ દરમિયાન તેમણે હાજર જનમેદનીને કહ્યું કે તમારો એક મત આ ચોકીદારને મજબુત બનાવશે. તેમણે કહ્યું કે આજે એક બાજુ કોંગ્રેસ-એનસીપીની મહામિલાવટના પોકળ વચનો છે અને બીજી બાજુ એનડીએના બુલંદ ઈરાદા છે. કોંગ્રેસ અને એનસીપી એવા લોકો સાથે ઊભા છે કે જેઓ કહે છે જમ્મુ અને કાશ્મીરને



ભારતથી અલગ કરાવી દઈશું અને જમ્મુ કાશ્મીરમાં અલગ વડાપ્રધાન હોવા જોઈએ. મને કોંગ્રેસ પાસેથી કોઈ આશા નથી કારણ કે આ બધા તેમની જ પેદાઈશ છે. પરંતુ શરદ રાવ કેમ ચૂપ છે.

તેમણે કહ્યું કે મને ખુશી છે કે દેશ રાષ્ટ્ર સુરક્ષા માટે એક સૂરે વાત કરી રહ્યો છે. આ વિશ્વાસ મારી તાકાત રહ્યો છે. તેના દમ પર મેં અનેક મોટા અને કડક નિર્ણયો લીધા છે. કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા તેમણે કહ્યું કે કોંગ્રેસ જમ્મુ અને કાશ્મીરમાંથી સેના હટાવવાની વાત કરે છે. કોંગ્રેસ કહે છે કે સૈનિકોને મળેલા વિશેષાધિકાર હટાવી દેશે. જે લોકો પહેલીવાર મત આપવાના છે તેમને પૂછવા માંગુ છું કે રાષ્ટ્રીય સુરક્ષા સાથે સમાધાન તમને મંજૂર છે?

વડાપ્રધાને કહ્યું કે હવે જનતાએ નવો નારો આપ્યો છે. કોંગ્રેસ હંમેશા માટે હટાવો. કોંગ્રેસ હંમેશા માટે હટાવો ત્યારે જ દેશમાંથી ગરીબી દૂર થશે. કોંગ્રેસ હટાવો ત્યારે દેશ આગળ વધી શકશે. આ ચૂંટણીમાં પણ કોંગ્રેસે જે રીતે તુઘલક રોડ ચૂંટણી કૌભાંડ આચર્યું છે તે દેશ જોઈ રહ્યો છે. આપણા યુવા મતદારો જોઈ રહ્યાં છે. તેમણે કહ્યું કે કોંગ્રેસે તુઘલક રોડ કૌભાંડ કર્યું છે, કોંગ્રેસના નેતાના ઘરે મધ્ય પ્રદેશથી નોટો ભરી ભરીને આવી હતી. જે પૈસા બાળકોને કુપોષણથી બચાવવા માટે હતાં, તે પૈસા થી કોંગ્રેસ ચૂંટણી લડી રહી છે. પરંતુ આ ચોકીદાર સજાગ છે, ચોરી કરવા દેશે નહીં.

છેલ્લે તેમણે લોકો પાસે સૂત્રોચ્ચાર પણ કરાવ્યાં. 'ભ્રષ્ટાચારીઓ હોશિયાર ...ભાગેડુઓ પર કાયદાનો વાર, બંધ થયો કાળો કારોબાર, દેશદ્રોહીઓ પર આકરા પ્રહાર, આતંક પર છેલ્લો વાર, દુશ્મન થાય ખબરદાર, ઘૂસણખોરો ભાગ્યા સરહદ પાર, તૂટશે જાતપાતની દીવાલ, વંશવાદની થશે હાર, દાગદાર પર ભારી કામદાર...'

તમામ રાજકીય પક્ષો ચૂંટણી બોન્ડની વિગતો ચૂંટણી પંચને સોંપેઃ સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે ચૂંટણી બોન્ડની કાયદેસરતાના મામલે સુનાવણી દરમિયાન તમામ રાજકીય પક્ષોને આ ઈલેક્ટોરલ બોન્ડ્સ અંતર્ગત પ્રાપ્ત કરેલી રકમ તેમજ દાતાઓની સંપૂર્ણ વિગતો જાહેર કરવાનો આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની અધ્યક્ષતા હેઠળની બેન્ચે જણાવ્યું કે તમામ રાજકીય પક્ષો ૧૫ મે સુધીમાં દાન પેટે કેટલી રકમ પ્રાપ્ત થઈ તેની વિગતો ૩૦મે સુધીમાં ચૂંટણી પંચને એક બંધ કવરમાં સોંપી દે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જિસટસ દીપક ગુપ્તા અને જસ્ટિસ સંજીવ ખન્નીની બેન્ચે જણાવ્યું કે, ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શકતા માટે આ જરૂરી છે કે ઈલેક્ટોરલ બોન્ડ્સ દ્વારા પ્રાપ્ત દાનનો ખુલાસો કરવામાં આવે. ચીફ જસ્ટિસએ સીપીઆઈ(એમ) અને એડીઆર સંસ્થા દ્વારા કરાયેલી અરજી પર ચુદાકો આપતા જણાવ્યું કે ૧૫મે સુધી રાજકીય પક્ષોને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા મળેલા દાનની વિગતો ૩૦ મે સુધીમાં સોંપવી પડશે. આ વિગતોમાં તેમણે પ્રાપ્ત ડોનેશનની રકમનો ઉલ્લેખ કરવો પડશે તેમજ દાન મેળવ્યું હોય તે ખાતાઓની વિગતો પણ આપવી પડશે.

આ કેસમાં ગુરુવારને સુનાવણી થયા બાદ સુપ્રીમ કોર્ટે ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. કેન્દ્ર સરકારની આ યોજના વિરુદ્ધ એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ નામની એનજીઓ એ જાહેરહિતની અરજી દાખલ કરી હતી. એનજીઓ તરફથી સુપ્રીમ કોર્ટમાં વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે દલીલો કરી હતી. એનજીઓએ પોતાની અરજીમાં આ યોજનાની કાયદેસરતાને પડકારતા જણાવ્યું હતું કે આ યોજના પર રોક લગાવવામાં આવવી જોઈએ અથવા તો દાતાઓના નામ જાહેર કરવામાં આવે. એડીઆરની આ દલીલનો વિરોધ કરતા એટોર્ની જનરલ કે કે વેણુગોપાલે જણાવ્યું કે આ યોજનાનો ઉદ્દેશ ચૂંટણી દરમિયાન કાળા નાણાંના ઉપયોગને રોકવાનો છે. જો કે યોજનાને લઈને કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચનો મત અલગ-અલગ છે. સરકાર ચૂંટણી બોન્ડથી દાન આપનારનું નામ ગુપ્ત રાખવા માંગે છે, જ્યારે ચૂંટણી પંચ પારદર્શકતા માટે દાતાઓના નામ સાર્વજનિક કરાય તેવું ઈચ્છે છે.

શિવસેનાની ચેતવણીઃ 'ભાજપે રાફેલ સોદા અંગે શક્ય તેટલું ઓછું બોલવું જોઈએ'

જલગામ

શુક્રવારે શિવસેનાએ પોતાની સહયોગી ભારતીય જનતા પાર્ટીને સલાહ આપી કે તે રાફેલ સોદા પર ઓછુ બોલે, જેના મુદ્દે કોંગ્રેસ ભ્રષ્ટાચારનાં આરોપો લગાવી રહ્યું છે. શિવસેનાએ ચેતવણી ઉચ્ચારી છે કે બિનજરૂરી નિવેદનબાજીથી રાષ્ટ્રીય પાર્ટી મુશ્કેલીમાં મુકાઈ શકે છે. શિવસેનાએ કહ્યું કે, જો ભાજપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં પડકારોને ઈલેક્ટ્રોનિક મીડિયા તરફથી મળી રહેલા કવરેજથી સંતુષ્ટ રહે તો નવો ટીવી પર પ્રતિબંધથી બચી શકાયું હોત. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી પાર્ટીએ જલગામમાં એક જનસભા દરમિયાન મહારાષ્ટ્રનાં મંત્રી ગિરીશ મહાજનની સામે ભાજપ કાર્યકર્તાઓ વચ્ચે થયેલા હાલનાં ઘર્ષણ મુદ્દે પણ રાષ્ટ્રીય પાર્ટી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, આ પ્રકારનાં વીડિયોનાં કારણે પાર્ટીની શાખને ખુબ જ નુકસાન પહોંચી રહ્યું છે. તેમણે કહ્યું કે, એટલું જ નહી માત્ર મહાયુતિ (ભાજપ-શિવસેના ગઠબંધન) ના પ્રચાર પર ધબ્બો છે પરંતુ સમય આવી ચુક્યો છે કે ભાજપ આ અંગે પોતાનું વલણ પણ સ્પષ્ટ કરે. શિવસેનાએ કહ્યું કે શક્ય ત્યાં સુધી રાફેલ મુદ્દે તેમણે અહંકાર છોડી દેવાની જરૂર છે સાથે સાથે સંયમ વર્તવાની જરૂર છે. સંરક્ષણ મંત્રીથી માંડીની બીના નેતાઓ સુધી લોકો (ભાજપમાં) જે ઈચ્છે તે બોલી રહ્યા છે. રાફેલ મુદ્દે આટલા ઉચ્ચ મંત્રીઓનો આવો વાણીવિલાસ યોગ્ય નથી. મુખપત્રમાં કહેવાયું કે, તેના કારણે પાર્ટીની મુશ્કેલીઓ વધી શકે છે. માટે અમારી સલાહ છે કે જેટલું ઓછું બોલો તેટલું સારુ છે.

રાફેલ પર રાહુલ ગાંધીના નિવેદન વિરુદ્ધ સુપ્રીમમાં અનાદર અરજી દાખલ

રાહુલ 'ગાળો ગેંગ'ના લીડર, પીએમ પર લગાવી રહ્યા ખોટા આરોપઃ ભાજપા

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી અંતર્ગત રાજકીય ખેંચતાણ હાલ ચરમસીમાએ છે. કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી સતત એક બીજા ઉપર આરોપ લગાવી રહ્યા છે. આ દરમિયાન બીજેપીએ ચૂંટણી પંચમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સામે ફરિયાદ કરી છે. બીજેપીનું કહેવું છે, રાહુલ કોઈ પણ પુરાવા વગર વડાપ્રધાન પર ખોટા આરોપ લગાવી રહ્યા છે.

ચૂંટણી પંચમાં ફરિયાદ નોંધાવ્યા પછી રક્ષા મંત્રી નિર્મલા સીતારમણ, મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું છે કે, રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસ જુઠ્ઠાણાંની ફેક્ટરી ચલાવી રહી છે. જેમાં કોઈ સત્ય નથી. મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું છે કે, રાહુલ ગાંધી વડાપ્રધાન મોદી વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ કોંગ્રેસની ગાળો ગેંગના પ્રમુખ છે. અમે ઈચ્છીએ છીએ કે ચૂંટણી પંચ તેમના નિવેદનોને ધ્યાનમાં લે. તેમણે કહ્યું છે કે, દેશની સૌથી જૂની પાર્ટીના અધ્યક્ષ કોઈ પણ પુરાવા વગર આ પ્રમાણેના આરોપ લગાવી રહ્યા છે. રક્ષા મંત્રી નિર્મલા સીતારમણે આરોપ લગાવ્યો છે કે, રાહુલ ગાંધી સુપ્રીમ કોર્ટના નિર્ણય ઉપર પણ ટીપ્પણી કરી રહ્યા છે. પૂર્વ સૈનિકો દ્વારા રાષ્ટ્રપતિને લખવામાં આવેલી ચિઠ્ઠી વિશે નિર્મલા સીતારમણે કહ્યું છે કે, બે સીનિયર ઓફિસરોએ કહ્યું છે કે, તેમણે આવી કોઈ ચિઠ્ઠી લખી નથી. રાષ્ટ્રપતિ ભવને પણ આવી કોઈ ચિઠ્ઠી મળી હોવાની વાતનો ઈકાર કર્યો છે.

પૂર્વ સેના પ્રમુખોએ રાષ્ટ્રપતિને લખાયેલા પત્રને ખોટો ઠેરવ્યો

'સેનાને રાજકારણ સાથે કોઈ લેવા દેવા નથી, અમે પત્ર નથી લખ્યો'



ન્યુ દિલ્હી

પૂર્વ સેના પ્રમુખોએ સશસ્ત્ર સેનાઓના રાજનીતિક ઉપયોગને લઈને રાષ્ટ્રપતિને લખાયેલા પત્રને ખોટો ઠેરવ્યો છે. પૂર્વ સૈનિકોએ કહ્યું કે સેનાના રાજનીતિક ઉપયોગ સંબંધિત પત્ર રાષ્ટ્રપતિને લખ્યો નથી. અત્રે જણાવવાનું કે કેટલાક અહેવાલ મુજબ એક પત્રમાં સેનાના ૮ પૂર્વ પ્રમુખો અને અન્ય ૧૪૮ પૂર્વ સૈનિકોએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને સશસ્ત્ર સેનાઓના રાજનીતિક ઉદ્દેશ્યો માટે ઉપયોગ થવા બદલ આક્રોશ વ્યક્ત કર્યો છે.

પત્ર પર જે લોકોના હસ્તાક્ષર છે તેમાં પૂર્વ સેના પ્રમુખ જનરલ (સેવાનિવૃત્ત) એસએફ રોડ્રિગ્ઝ, જનરલ(સેવાનિવૃત્ત) શંકર રોય ચૌધરી અને જનરલ (સેવાનિવૃત્ત) દીપક કપૂર, ભારતીય વાયુસેનાના પૂર્વ પ્રમુખ ચીફ માર્શલ (સેવાનિવૃત્ત) એનસી સૂરી સામેલ છે.

જો કે પૂર્વ સેના પ્રમુખ જનરલ (સેવાનિવૃત્ત) એસએફ રોડ્રિગ્ઝે આ પ્રકારના કોઈ પણ પત્ર અંગે ઈકાર કર્યો છે. તેમણે કહ્યું કે, 'સર્વિસ દરમિયાન અમે જે પણ સરકાર હોય તેના આદેશને ફોલો કરીએ છીએ, સેનાને રાજકારણ સાથે કોઈ લેવાદેવા હોતા નથી, કોઈ કશું પણ કહી શકે છે અને તેને ફેક ન્યૂઝ બનાવીને વેચી શકે છે. જેમણે આ બધુ લખ્યું છે તે લોકો કોણ છે તે હું જાણતો નથી.'

પૂર્વ એર ચીફ માર્શલ એનસી સૂરીએ પણ આ વાતથી ઈકાર કર્યો છે. સૂરીએ કહ્યું કે, 'આ પત્રમાં જે પણ કઈ લખ્યું છે તેનાથી હું સહમત નથી. અમારી વાતને ખોટી રીતે રજુ કરાઈ છે.' ત્રણેય પૂર્વ સેના પ્રમુખો એડમિરલ (સેવાનિવૃત્ત) એલ રામદાસ, એડમિરલ (સેવાનિવૃત્ત) અરુણ પ્રકાશ, એડમિરલ (સેવાનિવૃત્ત) મહેતા અને એડમિરલ (સેવાનિવૃત્ત) વિષ્ણુ ભાગવતે પણ પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. પત્ર ગુરુવારે રાષ્ટ્રપતિને મોકલવામાં આવ્યો.

સામે આવેલા કથિત પત્રમાં પ્રૂવ સૈનિકો તરફથી કહેવામાં આવ્યું કે, "મહોદય અમે નેતાઓની અસામાન્ય અને સંપૂર્ણ રીતે અસ્વીકૃત પ્રક્રિયાનો ઉલ્લેખ કરી રહ્યા છીએ જેમાં તેઓ સરહદ પાર હુમલા જેવા સૈન્ય અભિયાનોનો શ્રેય લઈ રહ્યાં છે અને એટલે સુધી કે સશસ્ત્ર સેનાઓને 'મોદીજીની સેના' બતાવવાનો દાવો સુદ્ધા કરી રહ્યાં છે."

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH 392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com

વિશ્વના ગણમાન્ય દેશોએ માન્યુ છે કે ભારત વિક્રમી ગતિએ દેશને ગરીબીમાંથી મુક્તિ અપાવી રહ્યું છે:વિનોદ ચાવડા



ભુજ: કચ્છ લોકસભા ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ મુંદ્રા તાલુકાના રામાણીયા,વાંકી, મોટા કપાયા,નાના કપાયા, સમાધોઘા, મોટી ખાખર, કાંડાગરા, ભુજપુર,મુંદ્રા બારોઈ રોડ શો તથા મુંદ્રા વિભાગના ગામોમાં વિધુત વેગી ગતિએ પ્રચારાર્થે લોક સંપર્ક કરતાં જણાવ્યુ હતું કે, નાના મધ્યમ કદના ઉધોગોને અનેક પ્રોત્સાહન જનક યોજનાઓ માધ્યમથી રોજગાર વૃધ્ધિના ઉંચા પરિણામ ભારત સરકારે પ્રાપ્ત કર્યા છે. તેવી જ રીતે વિશ્વની સૌથી મોટી સ્વાસ્થય વીમા યોજના "આયુષ્યમાન ભારત" ની શરૂઆત કરી દેશના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઉચ્ચ સારવાર-જીવનાઆવશ્યક સ્વસ્થતા લાખો કરોડો લોકોને મળે માટે યોજના અમલી બનાવી છે. તેમ જણાવતા કચ્છ માટે કેન્દ્ર સરકારે આપેલી સવલતો વર્ણવી હતી.

જયારે માજીમંત્રી અને પૂર્વ ધારાસભ્ય તારાચંદભાઈ છેડાએ જણાવ્યુ હતું કે દેશને એકતાના સૂત્રમાં પરોવનાર સરદાર વલ્લભભાઈ પટેલના સન્માનમાં વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા ×સ્ટેચ્યું ઓફ યુનિટી" ગુજરાતમાં બનાવી દેશ અને દુનિયામાં ગુજરાતને લોક નાયક નરેન્દ્રભાઈ મોદીએ વિખ્યાતિ અર્પી છે. તેવા ગુજરાતનાં સપૂતને ફરી નયા ભારત નિર્માણ માટે સુકાન સોપવા ભાજપના 'કમળ'ને મત આપી યુવા-જાગૃત સંપર્ક કેળવનાર વિનોદ ચાવડાને જંગી લીડથી વિજયી બનાવો.

૨૦૦૧ના ભૂકંપમાં પડી ભાંગેલ કચ્છને ફરી બેઠું કરવામાં ધમધમતુ કરવામાં ભાજપનું અને નરેન્દ્રભાઈ મોદીનું યોગદાન,લાખો લોકોને રોજગારી અને કચ્છની ખેવના રાખનાર સરકારને જંગી મતોથી વિજયી બનાવવા સદૈવ કચ્છમાં જાગૃતતા દાખવનાર વિનોદભાઈ ચાવડાને ફરી આપણા સંસદીય પ્રતિનિધિ બનાવવા મુંદ્રા તાલુકાનાં અગ્રણીઓ અને માજી.ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરીએ લોકોને અપીલ કરી હતી.

તેમની સાથે પ્રવાસમાં વાલજીભાઈ ટાપરિયા, છાયાબેન ગઢવી,ધર્મેન્દ્ર જેસર, કુલદીપસિંહ જાડેજા, નટ્ટુભા ચૌહાણ,રણજીતસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા, શિવુંભા જાડેજા,રાજેન્દ્રસિંહ જાડેજા, કીર્તિ મારાજ, શક્તિસિંહ જાડેજા, બળવંત સિંહ બાપુ, ક્રિષ્નાબા, રાસુભા બાપુ, બટુકસિંહજ જાડેજા,ડોસા સવા, ખેંગાર ગઢવી, દિગવિજયસિંહ ઝાલા જોડાયા હતા.

હળવદ શરણેશ્વર મહાદેવ ના આશીવાદે પ્રાપ્ત કરતા ગુજરાત ના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી



તારીખ ૧૧ એપ્રિલ ૨૦૧૯ ના રોજ ગુજરાત રાજય ના માનનિય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ શ્રી શરણેશ્વર મહાદેવ ના નિજ મંદિર માં પધારી ને મહાદેવ' ના આશીર્વાદ પ્રાપ્ત કરેલ હતા. તેમજ અતિ પૌરાણિક એવા શરણેશ્વર મંદિર અને મંદિર પ્રાંગણ માં આવેલ હેરિટેજ માં જેનો સમાવેશ થયેલ છે તેવી કલ્યાણ વાવ ના ભવ્ય ઐતિહાસિક વારસા વિશે જાણી ને અભિપ્રેરીત થયેલ હતા. સાથે સાથે શરણનાથ સેવા મંડળ ની નિ:શુલ્ક સેવાકિય પ્રવૃત્તિઓ અને મંડળ દ્વારા ચાલતી માનવસેવા, સમાજસેવા, ની કાર્ય પ્રણાલી જોઈ ખૂબ જ પ્રસન્નચિત થયેલ હતા. આ અવસરે શરણનાથ સેવા મંડળ ના ઘનશ્યામભાઈ . નરેશભાઈ રાવલ, ધર્મેશભાઈ હીમાંશુભાઈ , પિયુષભાઈ વ શનીભાઈ ત્રિવેદી, કમલભાઈ મહેતા, વૈભવભાઈ ગુરુજી તેમજ તમામ શરણનાથ વૈદિક પાઠશાળા ના ઋષિકુમારો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર વડે આશીર્વચન સહ શુભેચ્છા મેળવીને શરણેશ્વર મહાદેવ ના શરણ માં પધારી ધન્યતા પ્રાપ્ત કરેલ હતી.

માનવ જ્યોત સંસ્થા દ્વારા માતા-પુત્રનું ૨૫ વર્ષે પછી પુનઃ મિલન કરવામાં આવ્યું



માનવ જ્યોત સંસ્થાએ સેવાભાવી સંસ્થા છે,જે સતત સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલી હોય છે.

ભુજ કચ્છ : મધ્યપ્રદેશનાં ઉમરીયા જીલ્લાનાં હર્ષચોરા ગામની ૨૭ વર્ષિય યુવાન મહિલા બુલીદેવી, તેનાં પતિનાં અવસાનથી ભારે દુ:ખી થઈ હતી અને માનસિક સમતુલા ગુમાવતાં તે ગુમ થઈ હતી.

પચ્ચીસ વર્ષમાં તે અનેક રાજ્યોમાંથી પસાર થઈ હતી અને સતત દુ:ખ વેઠયું હતું. તેનાં પરિવારજનો તેની સતત શોધ ચલાવી રહ્યા હતા. દશ દિવસ પહેલાં તે ટ્રેન મારફતે ભુજ સુધી આવી પહોંચી હતી.પગે ચાલી તે ખાવડા રોડ ઉપરની અનેક વાડીઓમાંથી પસાર થઈ તે માનવજયોત સંસ્થા ભુજ સંચાલિત શ્રીરામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ સુધી પહોંચી હતી. ત્યારે તેની ઉંમર બાવન વર્ષ થઈ ચુકી હતી. આમ તે સતત પચ્ચીસ વર્ષ સુધી રસ્તે રઝડતી રહી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં સિનીયર પેરા લીગલ વોલીન્ટીયર પ્રબોધ મુનવરે તેની રહેવા-જમવા અને સારવારની વ્યવસ્થા માનવજયોત સંસ્થા દ્વારા કરાવી હતી.

મનોચિકિત્સક ડો. મહેશભાઈ ટીલવાણીની માત્ર ૪ દિવસની સારવારથી તે સ્વસ્થ બની હતી. સંસ્થાનાં સામાજીક કાર્યકર રિતુબેન વર્માએ તેની પાસેથી માહિતી મેળવી મધ્યપ્રદેશ પોલીસનો સંપર્ક કરી તેનું ઘર શોધી કાઢ્યું હતું. ખુશીનાં સમાચાર મળતાં જ પરિવારજનો હર્ષઘેલા બન્યા હતા.

પિતાની છત્ર છાયા ગુમાવનાર અને વર્ષોથી માતાની શોધ ચલાવનાર યુવાન પુત્ર ભારત કોલ તથા રાજકુમાર કોલ માતાને તેડવા ભુજ આવી પહોંચ્યા હતા. માતાને જાઈ તેઓ તેની પાસે દોડી ગયા હતા.અને માતા-પુત્ર એક બીજાને જાતા જ ગદ્ગદિત થઈને ભેટી પડ્યા હતા. ત્યારે લાગણી ભીના દ્રશ્યો સર્જાયા હતા.

આમ, પચ્ચીસ વર્ષ પછી માતા ઘરે પાછી ફરતાં પરિવારજનોમાં ખુશી છવાઈ હતી.

માનવતાનાં આ કાર્યમાં કિશોરભાઈ કેનીયા,વિનોદ મારાજ,વાલજી કોલી,મહેશ મારાજ,બાબુલાલ જેપાલ, વિકાસ મેર તથા માનવજયોતની ટીમ સહભાગી બની હતી.

સાળંગપુરમાં સારંગપાણી પુસ્તકમાં ઝવેરચંદ મેઘાણીના સંભારણાનું આલેખન





બોટાદ જીલ્લાના વિશ્વ પ્રસિધ્ધ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદીર સાળંગપુરધામ દ્વારા હાલમાં પ્રસિધ્ધ થયેલ પ્રેરક પુસ્તક સાળંગપુરમાં સારંગપાણી માં ઝવેરચંદ મેઘાણીનાં સંભારણાનું આલેખન કરાયુ છે.ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીએ સાળંગપુર સ્થિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીદાદા ના દર્શન કર્યા હતા.સાહિત્ય-સંસ્કૃતિ-પ્રેમી કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીને વંદન કરીને આશિર્વાદ મેળવ્યા હતા.સાથે રાણપુર ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના સેવાભાવી ચેરમેન અને ખાદી ક્ષેત્રના અગ્રણી ગોવિંદસંગ દાજીભાઈ ડાભીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી...

પરિવાર વાદ જાતિવાદ કોંગ્રેસનો મુખ્ય એજન્ડા :રાજનાથસિંઘ



ગાંધીધામ ખાતે વિનોદ ચાવડાના ચુંટણી પ્રચાર અર્થે કેન્દ્રીય ગૃહ પ્રધાન રાજનાથસિંઘ વિશાળ જાહેર સભા કોંગ્રેસ પર આકરા પ્રહારો

સમગ્ર કચ્છમાં લોકસભા ચૂંટણીનો માહોલ જામ્યો છે . ત્યારે ફરીથી એક વાર સાંસદ વિનોદભાઈ ચાવડાને પુનઃ એક વખત જંગી સરસાઈથી વિજયી બનાવવા અવિરત પણે કાર્યરત છે . ફરી એક વખત લોકસભામાં વિનોદભાઈ ચાવડા ને વિજય બનાવા પ્રચાર અર્થે કેન્દ્રિય ગૃહ મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા રાજનાથસિંહ ગાંધીધામ પધાર્યા જયાં શહેરના સિંધુ ભવન હોલ ખાતે તેઓની જંગી જાહેર સભા સબોધવામાં હતી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા ,

જનમેદનીને સંબોધતા ગૃહ મંત્રી રાજનાથ સિંઘે જણાવ્યું હતું કે દેશમાં સરેરાશ છ દસકા સુધી કોંગ્રેસ શાસન કર્યું છે પરંતુ કોઈ નોંધપાત્ર વિકાસ કોંગ્રેસના શાસનમાં થયો નથી માત્રને માત્ર પરિવાર અને જાતિવાદ પર લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે કોંગ્રેસે આજદિન સુધી ભાગલા પડાવી ને રાજ કર્યું છે જેને પ્રજા હવે સંપૂર્ણ જાકારો આપ્યો છે વધુમાં તમેને કહયુ હતુ કે આ સરકાર નાના માણસની સરકાર છે આ સરકારે આવાસ યોજના અમૃતમ યોજના જેવી અનેક સરકારી યોજનાઓનો લાભ લોકોને આપ્યો છે જયારે બીજી બાજુએ ભારતીય સેનાએ પાકિસ્તાનમાં જઈને આતંકવાદી ના અડ્ડા પર વાય હુમલો કરી મોટી સંખ્યામાં આતંકવાદીનો ખાતમો બોલાવ્યો છે ત્યારે કોંગ્રેસના લોકો સેનાની કામગીરીના પુરાવા માંગે છે જે બાબતે આમ પ્રજા સવાલ કર્યો હતો ,રાજનાથસિંઘ એ કોંગ્રેસને આડે હાથ લીધા હતા ગાંધીધામ ખાતે કેન્દ્રીય ગૃહ પ્રધાન રાજનાથ સિંહ જાહેર સભાને સંબોધી હતી આ પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્ય મંત્રી વાસણભાઈ આહીર લોકસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી નીમાબેન આચાર્ય જિલ્લા પ્રમુખ કેશુભાઈ પટેલ કુલદીપ સિંહ ઝાલા તેમજ ભાજપના હોદેદારો કાર્યકરો અને મહાનુભવ ઉપસ્થિત રહયા હતા રાજનાથ સિંહ કચ્છી પાઘડી અને શાલ આપી પાઘડીયુ સન્માન કરાયું હતું આ તકે સભાને સંબોધતા ચાવડાએ જણાવ્યું હતું કે દેશના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પુન વડાપ્રધાન પદે પ્રસ્થાપિત થનાર છે ત્યારે સમગ્ર દેશમાં આજે મોદી વેવ ચાલી રહ્યો છે ત્યારે ફરી એક વખત કચ્છની બેઠક પરથી બહુમતીથી વિજય અપાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

સચીનમાંથી લઈ જવાયેલા રોકડા ૧૪.૭૪ લાખ નવસારીમાં પકડાયા

ચૂંટણી પંચની ટીમે સેન્ટ્રો કારમાંથી મોટી રકમ ઝડપી પાડી

નવસારી

નવસારી લોકસભા ચૂંટમીની એસ.એસ.ટી.ની ટીમે મરોલી ચાર રસ્તાથી મધ્યરાત્રે એક સેન્ટ્રો કારમાં રોકડા રૂા.૧૪,૭૪,૫૦૦ સાથે વિજલપોરનાં રહીશને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ઈન્કમટેક્સ વિભાગને જાણ કરી હતી.

નવસારી પોલીસ દ્વારા મળતી વિગત મુજબ નવસારી લોકસભાની ચૂંટણી માટે સુરત સ્ટેટ હાઈવે પર મરોલી ચાર રસ્તા પાસે નવસારી લોકસભા ચૂંટણી વિભાગની એસ.એસ.ટી.ની ટીમના નોડલ ઓફિસર એમ.બી. ગઢવી વગેરે વાહન ચેકિંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમયાન એક સેન્ટ્રો કાર નં.જીજે-૨૧/એએ/૬૫૨૨ આવતા તેને અટકાવી તપાસ કરતા કારમાંથી રોકડા રૂા.૧૪,૭૪,૫૦૦ મળી આવ્યા હતા. આથી કાર ડ્રાઈવર ભાવેશ મહેન્દ્રભાઈ ઠક્કર રહે. અલ્કાપુરી સોસાયટી, વિજલપોર, તા.જલાલપોરની પૂછપરછ કરતા સચીન જીઆઈડીસીમાંથી ધંધાની ઉઘરાણી કરી રૂપિયા લઈ આવ્યો હોવાનું જણાવ્યું હતું. આ અંગે એસ.એસ.ટી.ની ટીમે કાયદેસર કાર્યવાહી કરી હતી અને રોકડા રૂા.૧૪,૭૪,૫૦૦ અંગે ઈન્કમટેક્સ વિભાગને જાણ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જેને પગલે રાજકીય પક્ષોમાં હલચલ મચી છે.

સુરત ડાયમંડ બ્રોકર્સ એસો. દ્વારા

ચેમ્બરના ઉપપ્રમુખ પદ માટે હીરા ઉદ્યોગ અગ્રણીને સમર્થન જાહેર

શહેરના વિકાસમાં હીરા ઉદ્યોગનો સિંહ ફાળો છે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની આગામી ઉપપ્રમુખની ચૂંટણીમાં હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા અને હીરા ઉદ્યોગની સંસ્થાઓમાં લાંબા સમયથી સેવા આપેલ વ્યક્તિને પ્રતિનિધિત્વ મળે તે માટે મહિધરપુરાના વેપારીઓ અને સુરત ડાયમંડ બ્રોકર્સ એસોસિએશનની માંગણી છે. હીરા ઉદ્યોગ એ સુરતનો મહત્ત્વનો અને મોટો ઉદ્યોગ છે. સુરત શહેરના વિકાસમાં પણ ઉદ્યોગના અગ્રણીઓનો પણ ખૂબ મોટો સિંહ ફાળો રહ્યો છે.

હીરા મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલ વ્યક્તિને છેલ્લા ઘણાં બધા વર્ષોથી એસજી. સી.સી.આઈ.માં પ્રતિનિધિત્વ મળેલ નથી. જેને ધ્યાનમાં લઈને હીરા ઉદ્યોગના અગ્રણીને ચૂંટી કાઢવા મહિધરપુરાના વેપારીઓ અને સુરત ડાયમંડ બ્રોકર્સ એસોસિએશન દ્વારા ટેકો જાહેર કરવામાં આવે છે.

રિક્ષામાં દંપતીના થેલામાંથી રોકડા રૂા. અઢી લાખની ચોરી

સુરત

જહાંગીરપુરા પ્લેટિનિયમ પાર્કમાં રહેતા મુકેશભાઈ તમશીભાઈ ગોયાણીના માતા-પિતા થેલામાં અઢી લાખ રૂપિયા લઈને રિક્ષામાં બેસી ડભોલી ચાર રસ્તાથી સ્વામિનારાયણ મંદિર ચાર રસ્તા તરફ જતાં હતા, ત્યારે આ રિક્ષામાં અગાઉથી ત્રણ ઈસમો બેઠાં હતા. મંદિર પાસે રિક્ષા આવતા રિક્ષા ચાલકે ફરિયાદી માતા-પિતાને ત્યાં ઉતારી દીધા હતા. ત્યારબાદ ફરિયાદીની માતા-પિતા ઘરે જઈ થેલીમાં તપાસ કરતા થેલીમાંથી રૂપિયા અઢી લાખ ગાયબ થયા હતા.

નિશાંત એકેડમી સામે બારડોલી વૉરીયર્સનો પાંચ વિકેટે વિજય

સુરતના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે રમાતી સુરત જિલ્લા ક્રિકેટ એસો. દ્વારા આયોજિત ઓપન પ્લેટ ગ્રુપ સપર્ધાના રાઉન્ડમાં બારડોલીની બારડોલી વોરીયર્સ ટીમે સુરતની મૌલિક જોષીના કુશળ નેતૃત્વમાં વરાછા રોડની નિશાંત એકેડમી સામે પાંચ વિકેટે વિજય પ્રાપ્ત કર્યો હતો. વિજેતા ટીમ વતી ઓપનર હિતેશ પટેલે માત્ર ૨૬ બોલમાં ૪૨ તથા મૌલિક જોષીએ કેપ્ટન ઈનિંગ્સ રમી અણનમ ૪૦નો ફાળો આપ્યો હતો. ટૂંકો સ્કોર નિશાંત એકેડમી વરાછા રોડ (ટોસ જીતીને બેટિંગ) ૩૮.૨ ઓવર્સમાં ૧૭૧ ઓલ આઉટ. વિવેક કુમાર ૩૨, યશ પટેલ (સુકાની) ૨૬, શાહનવાઝ અનસારી ૧૩માં ૩ અને નિસર્ગ શર્મા ૨૦માં બે વિકેટો, હાથો વિરૂદ્ધ બારડોલી વોરીયર્સ બારડોલી ૨૭.૩ ઓવર્સમાં પાંચ વિકેટે ૧૭૪ હિતેશ પટેલ ૪૨, સુકાની મૌલિક જોષી ૪૦ અણનમ, પ્રજરલ મિશ્રા ૪૧માં ૩ અને રૂદ્ર પટેલ ૫૭માં બે વિકેટો.



લોકસભા ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા પ્રત્યેક બુથ મથકોની આવશ્યકતા મુજબ સ્ટેશનરીઓની બેગ તૈયાર કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચની આ કામગીરી તસવીર નાનપુરા ખાતે આવેલી ટી એન્ડ ટીવી હાઈસ્કૂલની છે.

રાજકીય પક્ષોની હાજરીમાં ઈવીએમ અને વીવીપેટનું રેન્ડેમાઈઝેશન કરાયું

ચૂંટણી કામગીરી પર જનરલ ઓબ્ઝર્વરની નજર

વલસાડ

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ ની ૨૬-વલસાડ (અ.જ.જા) બેઠક ન્યાયી, નિષ્પક્ષ અને મુકત વાતાવરણમાં યોજાય તે માટે ભારતના ચૂંટણીપંચ દ્વારા નિયુકત કરાયેલા જનરલ ઓબ્ઝર્વર શ્રી યશપાલ ગર્ગ, જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સી.આર.ખરસાણના નેજા હેઠળ તા.૧૧/૦૪/૧૯ના રોજ ચૂંટણી શાખાના સી.એમ.સી. ખાતે નિવાસી અધિક કલેક્ટર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી મામલતદાર, મદદનીશ ચૂંટણી અધિકારીઓની હાજરીમાં સેકન્ડ રેન્ડેમાઈઝેશન કરાયું હતું.

આ વેળાએ ૨૬ વલસાડ (અ.જ.જા) બેઠક માટે ઈવીએમ (બી.યુ. અને સી.યુ.) તથા વીવીપેટનું સેકન્ડ રેન્ડેમાઈઝેશન રાજકીય પક્ષો બી.જે.પી.ના નિખીલ ચોકસી, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના સુરેશભાઈ વાધિયા, બી.એસ.પી.ના કમલેશભાઈ તલાવીયા, બહુજન મુક્તિપાર્ટીના ગુલાબભાઈ ખરપડીની હાજરીમાં કરાયું હતું. પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર તથા માઈક્રો ઓબ્ઝર્વરનું રેન્ડેમાઈઝેશન પણ કરાયું હતું.

આ વેળાએ નિવાસી અધિક કલેકટર કમલેશ બોર્ડર, લોકસભા બેઠકમાં સમાવિષ્ટ સાત વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી અધિકારીઓ, નાયબ ચૂંટણી અધિકારી શ્રી કે.આર.પટેલ, ચૂંટણી મામલતદાર કૃતિકા વસાવા સહિત ચૂંટણી સ્ટાફ હાજર રહ્યા હતા.

ગુજરાત બોર્ડની માધ્યમિક અને પ્રાથમિક શાળાઓની પરિક્ષા પૂર્ણ

વાર્ષિક પરીક્ષા પૂરી થવા સાથે ઉનાળુ વેકેશન શરૂ

સુરત

ગુજરાત બોર્ડ દ્વારા લેવામાં આવતી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ થવા આવી છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ઉનાળા વેકેશનની તૈયારી કરૂ કરવામાં આવી છે જયારે શિક્ષકો પરિણામ બનાવવાની સાથે ચૂંટણીની કામગીરીમાં જોતરાશે.

શહેર જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ગુજરાત બોર્ડ માન્ય પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પરીક્ષાઓ પૂર્ણ થવા આવી છે. વાર્ષિક પરીક્ષાઓ પૂર્ણ થતા વિદ્યાર્થીઓની સાથે વાલીઓને પણ ભાર હળવો થવા જઈ રહ્યો છે શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવાની સાથે જ વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ઉનાળા વેકેશનની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવાનો આનંદ અને નવા શૈક્ષણિક વર્ષની ચિંતા શરૂ થઈ છે. ખાનગી સ્કૂલો દ્વારા ધો. ૯ અને ૧૧ સાયન્સની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓના ધો. ૧૦ અને ધો. ૧૨ સાયન્સના વર્ગો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. આગામી નવા શૈક્ષણિક વર્ષ દરમિયાન બોર્ડની પરીક્ષા આપનારા ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની સ્કૂલ શરૂથવાના પહેલાં જ અભ્યાસ શરૂથઈ ગયો છે. ખાનગી ટયુશન સંચાલકો દ્વારા પણ બોર્ડની પરીક્ષા માટેની અત્યારથી જ આગોતરી તૈયારી શરૂ કરી દીધી છે.

કારકિર્દી માર્ગદર્શન અંગે ફોન પર સલાહ મળશે

સુરત

મોડલ કેરીયર સેન્ટર અને એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ બ્યુરો દ્વારા વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્યને ધ્યાને લઈ ધો.૧૦ અને ૧૨ પછી શું? બાબતે ફોન ઉપર કેરિયર માર્ગદર્શન અંગેનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સુરત જિલ્લાના વિદ્યાર્થીઓ સુરત ખાતે મોડલ કરિયર સેન્ટર, આઈ.ટી.આઈ., મજુરા ખાતે ટે.નં.(૦૨૬૧)-૨૬૫૫૫૧૨૨ તથા સી-૫, બહુમાળી બિલ્ડીંગ ખાતે મો. (૦૨૬૧)-૨૪૬૦૪૧૬ નંબરો પર ટેલીફોનિક સંપર્ક સાધી કારકિર્દી માર્ગદર્શન મેળવી શકે છે.

ચૂંટણી જાહેર ખબરના પ્રમાણિકરણ માટે ચૂંટણી પંચની મંજૂરી ફરજીયાત

એમસીએમસીની મંજૂરી પછી જ જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવી

સુરત

રાજકીય પક્ષો, ઉમેદવાર, વ્યકિત, સંગઠન કે સંસ્થા દ્વારા વિજાણું માધ્યમોમાં રાજકીય પ્રકારની જાહેરાતો પ્રસારિત કરતાં પહેલાં રાજ્ય/જિલ્લા કક્ષાની મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરીંગ કમિટિ (સ્ઝસ્ઝ) સમક્ષ પૂર્વમંજૂરી માટે રજૂ કરવાની જોગવાઈ છે. આ પ્રકારની જાહેરાતોમાં પ્રિન્ટ મીડીયાનો સમાવેશ થતો નથી. પરંતુ મતદાનના દિવસે તેમજ મતદાનના આગલા દિવસ એટલે કે તા.૨૨-૦૪-૨૦૧૯ અને ૨૩-૦૪-૨૦૧૯ દિવસે રાજકીય પક્ષો, ઉમેદવારો, કોઈપણ વ્યક્તિ કે સંસ્થા, સંગઠન દ્વારા પ્રિન્ટ મીડિયામાં જાહેરાત આપતાં પહેલાં રાજકીય પક્ષે રાજ્ય કક્ષાની મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરીંગ કમિટિ (સ્ઝસ્ઝ) સમક્ષ તથા ઉમેદવાર પોતે, ઉમેદવારની તરફેણમાં કોઈ વ્યકિત, સંસ્થા કે સંગઠને જિલ્લા કક્ષાની મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરીંગ કમિટિ સમક્ષ પૂર્વ મંજૂરી માટે રજૂ કરવાનો કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે તેમ સુરત જિલ્લા ચુંટણી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

'ક્યોંકી મંત્રી ભી કભી ગ્રેજ્યુએટ થી' કોંગ્રેસ પ્રવક્તાનો સ્મૃતિ ઈરાની પર પ્રહાર

અમેઠી

રાહુલ ગાંધી વિરુદ્ધ ઉત્તર પ્રદેશની અમેઠીથી લોકસભા ચૂંટણી લડી રહેલા કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પોતાના સોગંદનામા બાદ ફરીથી કોંગ્રેસના નિશાને છે, કોંગ્રેસ પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ સ્મૃતિ ઈરાનીના સોગંદનામામાં દર્શાવાયેલા એજ્યુકેશન પર ગીત ગાઈને નિશાન સાધ્યુ.

કેન્દ્રીય મંત્રી અને અમેઠી લોકસભા બેઠક પરથી ભાજપ ઉમેદવાર સ્મૃતિ ઈરાનીએ ગુરુવારે ચૂંટણી પંચને આપવામાં આવેલા સોગંદનામામાં જણાવ્યુ કે તેમણે દિલ્હી યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન પૂરુ કર્યુ નથી. કોંગ્રેસ પહેલા પણ સ્મૃતિ ઈરાનીની ડિગ્રીને લઈને તેમને ઘેરતી રહી છે પરંતુ આ વખતે હવે સ્મૃતિએ જાતે જ ૧૨મુ પાસ જણાવ્યુ છે તો કોંગ્રેસ વધુ આક્રમક થઈ ગઈ છે. પાર્ટીની પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ આ વિશે તંજ કરતા રહ્યુ સ્મૃતિની ટીવી સિરીયલ ક્યોંકી સાસ ભી કભી બહુ થીની થીમ લાઈન પર કહ્યુ, ક્વોલિફિકેશનના પણ રૂપ બદલાય છે. નવા-નવા માળખામાં હોય છે. એક ડિગ્રી આવે છે અને એક ડિગ્રી જાય છે. એફિડેવિટ નવા બને છે. પ્રિયંકાએ પ્રેસ કોન્ફરન્સ કરી ગીત ગાઈને સ્મૃતિ પર નિશાન સાધ્યુ. કોંગ્રેસ પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યુ કે ક્યોંકિ મંત્રી ભી કભી ગ્રેજ્યુએટ થી. આ તેમની જ ઓપનિંગ લાઈન હશે. પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યુ કે સ્મૃતિજીએ પોતાની એજ્યુકેશન ક્વોલિફિકેશનને લઈને એક બાબત નક્કી કરી છે કે કેવી રીતે ગ્રેજ્યુએટમાંથી ૧૨મા ધોરણના થઈ જવાય છે, આવુ મોદી સરકાર પાસે અને મોદી સરકારમાં જ શક્ય છે.

બિહાર વિકાસ મંડળ દ્વારા કોઝવે ખાતે ચૈત્રી સૂર્ય છઠ્ઠ પૂજાની ઉજવણી

સૂર્ય દેવતાને અર્ઘ્ય અર્પણ કરવા શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા

સુરત

સુરત વિયર કમ કોઝવે તાપી નદી તટે ચૈત્રી છઠના ડુબતા સૂર્યને મોટી સંખ્યામાં અર્ઘ્ય અર્પણ કર્યું હતું. રાત્રિ પ્રતિક્ષા પછી બિહારી સમાજે શુક્રવારે ઉગતા સૂર્યના અર્ઘ્ય અર્પણ કરી છઠ પૂજા સમાપન કરી હતી.

આ સૂર્ય છઠ પૂજા બિહાર વિકાસ મંડળના નેતૃત્વમાં દર વર્ષ જેમાં આ વર્ષે આયોજિત થઈ હતી. જેમાં મુખ્ય મહેમાન સ્થાનિક ધારાસભ્ય વિનુ મોરડીયા, સાબુ સમાજ સંતોષદાસ મહારાજ, કથાકાર દેવી વલ્લભાચાર્ય, પ્રજાપતિ અધ્યક્ષ નંદકુમાર પડીત, ગુજરાત ચોરસીયા, સમાજ ઉમેશ ચોરસીયા, સુરત શહેર પોલીસ વેલ્ફેર સોસાયટી પોલીસ અધિકારી અને ડોક્ટર ગુડટપ વૈડ ટપના માર્ગદર્શનમાં થઈ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બિહાર વિકાસ મંડળના અધ્યક્ષ પ્રભુનાથ યાદવ, બાકે બિહારી સિંહ, કૃષ્ણા ચોરસીયા, દિનેશ ગુમા, મનોજ યાદવ, જીતેન્દ્ર યાદવ, જોગીન્દર શર્મા, સુરેન્દ્ર શર્મા, વકીલ ચોરસીયા, બલીરામજી, મુના સાહની, રાજુ કેદાર, બલિસ્ટર યાદવ, દીનનાથ ચોરસીયા વગેરેએ કમરતોડ મહેનત કરી હતી.

ઓલપાડના ભાદોલી ગામના ખેતરમાં અડાજણના રહીશને મહિલાને ગાળો ભાંડી

હસમુખભાઈ પાવસીયા વિરુદ્ધ એટ્રોસિટી એકટ હેઠળ ગુનો નોંધાયા

સુરત

ઓલપાડ તાલુકાના ભાદોલી ગામ ખાતે આવેલા એક ખેતરમાં જમીન ખેડનાર એક મહિલાના ટ્રેક્ટરની ચાવી કાઢી ગાળો બોલી તથા જાતિ વિષયક અપમાનજક શબ્દો બોલી મહિલાને મારી નાખવાની ધમકી આપી એલ.પી. સવાણી રોડ અડાજણ ખાતે રહેતો એક ઈસમ ફરાર થઈ ગયો હોવાનો બનાવ કીમ પોલીસ મથકે નોંધાતા પોલીસે એટ્રોસિટી મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઓલપાડ તાલુકાના કારેલી ગામ ખાતે સેજલબેન જયેશભાઈ સુરતી રહે છે. અડાજણ ખાતે સેજલબેન જયેશભાઈ સુરતી રહે છે. અડાજણ એલ.પી. સવાણી રોડ વૈંકુઠધામના બંગલા નંબર-૩૦૨માં રહેતા હસમુખભાઈ લવજી ભાઈપાવસીયા ગતરોજ ઓલપાડ તાલુકાના ભાદોલી ગામની રેવન્યુ સર્વે નં. ૧૯૯માં પોતાની કાર લઈને ગયો હતો. જ્યાં તેમણે ખેતરમાં જમીનનું ખેડાણ કરી રહેલી સેજલબેન સુરતી નામની મહિલાના ટ્રેકટરની ચાવી કાઢી લીધીહતી. ટ્રેક્ટરની ચાવી પરત આપવાનું જણાવતા હસમુખભાઈએ સેજલબેનને ગાળો બોલી જાતિ વિષયક અપશબ્દો બોલી અપમાન કરી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. સેજલબેન સુરતીએ કિમ પોલીસ મથક ફરિયાદ નોંધાવતા પોલીસે એટ્રોસિટી મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

લોકશાહી મહાપર્વે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઠેર-ઠેર મતદાર જાગૃતિ અભિયાન

મતદાન અંગેની વિસ્તૃત જાણકારીથી મતદારોને કરાઈ રહ્યા છે વાકેફ

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણીમાં મતદારો પોતાના પવિત્ર મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા આશયથી સ્વીપ નોડલ ઓફિસરશ્રી જયેશ ગાંધી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ. એસ.રાજગુરૂના માર્ગદર્શન હેઠળ શહેરની વિવિધ શાળાઓએ રેલીઓ યોજીને મતદારોને મતદાન કરવા માટેનો સંદેશો આપ્યો હતો..

શહેરની માતૃભૂમિ વિદ્યાલય ડિંડોલી, લિંબાયતની સાર્વજનિકલ હાઈસ્કુલ નવાનગર તથા રામકૃષ્ણ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ સોસાસટી ઓ ફરીને રેલી યોજી મતદારોની જાગૃત કર્યા હતા. આ શેરીનાટક ભજવી મતદાન જાગૃત્તિનો સંદેશ આપ્યો હતો. સાથે સાથે શિક્ષકોએ જનજાગૃતિ રેલી યોજીને લોકશાહીના પર્વમાં વધુમાં વધુ મતદાન કરવાનો સંદેશો લોકો સુધી પહોચાડયો હતો.

શાળાના બાળકોએ રેલીમાં 'મત આપવો આપણી પવિત્ર ફરજ છે, છોડ કે અપને સારે કામ પહેલે ચલો કરે મતદાન, સાચુ મતદાર લોકશાહીનો ધબકાર, જાગો મતદાર જાગો જેવા સૂત્રોચ્ચાર, પ્લે કાર્ડ સાથે લોકશાહીના મહાપર્વ સૌ મતદારો જોડાવાનો અનુરોધ કર્યો હતો. સાબર ગામીની સર્વોદય વિદ્યાલયના બાળકોએ રંગોળી પુરીને મતદાનનો સંદેશો આપ્યો હતો.મહાનગરપાલિકાની પ્રચારવાન દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફરીને મતદારોએ શું કાળજી લેવી, મતદારોએ મતદાન મથકની માહિતી કેવી રીતે મેળવી શકાય, હેલ્પલાઈનનો ઉપયોગ કરીને મતદારયાદીમાં છે કે નહી તે અંગેની જાણકારી, મતદાન કરવાનો સમય જેવી વિગતો પોસ્ટર, પેમ્લેટર દ્વારા આપીને વધુમાં વધુ મતદારો મતદાન કરે તેની જાણકારી આપવામાં આવી હતી ફુલપાડા આરોગ્ય કેન્દ્ર ખાતે મતદારોને ઈફસ અને ફફૅછ દ્વારા મતદાનની કામગીરી બાબતે વધુમાં વધુ મતદારો માહિતગાર થાય તે માટે નિદર્શન કરીને મતદારોને સમજ આપવામાં આવી હતી.

વડોદની જમીનમાં મૃતકનું બોગસ વીલ બનાવી નામ દાખલ કરવાનો પ્રયાસ

રૂસ્તમ કેરશી, એડવોકેટ-નોટરી હરીશ પટેલને પણ આરોપી બનાવાયા

સુરત

વડોદ ગામ અને બમરોલી વિસ્તારોની કરોડો રૂપિયાની અતિ કિંમતી જમીન પ્રકરણમાં બોગસ વીલ બનાવનારા ચાર જણા વિરુદ્ધ ખટોદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ પ્રકરણ એડવોકેટ એન્ડ નોટરી હરિશ આર. પટેલને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ જહાંગીરપુરા વૈષ્ણોદેવીમાં રહેતા ગુલ કુરેશી કિલ્લાવાળાએ આરોપી રૂસ્તમ કેરશી કિલ્લાવાળા (રહે. પાંડેસરા) પ્રફુલ્લ ભગવાન પરમાર (ભટાર), હરિશ આર. પટેલ (એડવોકેટ-નોટરી) સહિતના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ફરિયાદીના મર્હૂમ માતૃશ્રી પીલુબેન કેરશીભાઈના નામથી બોગસ વીલ બનાવી વડોદ ગામ અને બમરોલી વિસ્તારની મિલકતમાં આરોપી રૂસ્તમપુરા કેરશીએ ખરા તરીકે ઉપયોગ કરી નામ દાખલ કરાવવાની કોશિષ કરી જમીન-મિલકત પચાવી પાડી ગુનો કર્યો હતો. પાંડેસરા પોલીસ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વરાછામાં યુવક અને કાર ચલાવતા ડ્રાઈવરને લૂંટી લેવાનો પ્રયાસ

વરાછા પોલીસમાં ત્રણ યુવકો વિરૂદ્ધ ગુનો નોંધાયો

સુરત

વરાછા ગીતાંજલી પેટ્રોલ પંપ નજીક એક યુવકને ધમકી આપી બળજબરી પૂર્વક નાણાં કઢાવવાનો પ્રયાસ કરી ત્રણ આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ વરાછા પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે ખંડણીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઓરિસ્સા પુરી જિલ્લાન વતની અને હાલમાં ગોડાદરા કૈલાશનગર ખાતે રહેતાં ભીમીસિંગ બંસીધર લીંકાને ગતરોજ રાત્રિના સુમારે આરોપીઓ હીરેન વસંતભાઈ મહેતા, આસિફ યાકુબ મંસુરી તથા અભિષેક કટારીયા વગેરેઓએ ભીમસિંગ તથા તેમના ડ્રાઈવરને ગીતાંજલી થિયેટર પાસે આવેલા પેટ્રોલપંપ પાસે ધમકી આપી બળજબરી પૂર્વક નાણાં કઢાવી લેવાનો પ્રયાસ કરી ફરાર થઈ ગયા હતા. ધમકીનો ભોગ બનનાર ભીમસિંગ વરાછા પોલીસ મથકમાં ત્રણેય આરોપીઓ સામે ખંડણીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચોર્યાસી ટોલ નાકા પાસથી ૧૧ ભેંસો ભરેલી ટ્રકને ઝડપી પડાઈ

ટ્રક ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ

સુરત

કામરેજ તાલુકાના ચોર્યાસી ગામના ટોલટેક્ષ પાસથી પસાર થતી હતી એક ટ્રકમાંથી પોલીસે કતલખાને લઈ જવાતી ૧૧ ભેંસોને છોડાવી હતી. જ્યારે ટ્રક ચાલકની પોલીસે ધરપકડ કરી પશુ ક્રૂરતા અધિનિયમ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ભરૂચની મદીના હોટલ નાગોરીવાડ મોહમદપુરા ખાતે ઈરફાન સાદીક કરેલા અને હુસેનીયા સોસાયટી ખાતે દિલિપસિંગ ઉર્ફે દિલવાર ગુલાબસિંગ જાદવ રહે છે. તેઓ ટાટા ટ્રક (જીજે-૧૬-વી-૪૮૯૦)માં વગર પાસ પરમીટે અને પાણી અને ઘાસચારાની વ્યવસ્થા કર્યા વિના ગેરકાયદેસર રીતે ૧૧ ભેસો કતલખાને લઈ જતા હતા. કામરેજ પોલીસને મળેલી એક બાતમીના આધારે કામરેજ- ચોર્યાસી ટોલટેક્ષ નાકા પારો પોલીસ વોચ ગોઠવી ટ્રકને રોકી તપાસ કરી ૧૧ ભેંસોને છોડાવી ટ્રક ચાલક અને ક્લીનરની ધરપકડ કરી હતી. પોલીસે પશુક્રૂરતા અધિનિયમ ૧૯૬૦ની કલમ ૧૫ (ડી), (ઈ) (૪) મુજબનો ગુનો નોંધી બે આરોપીઓની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા હતા. જોકે, આજથી બે દિવસ પહેલા પોલીસે કતલખાને લઈ જવાતી બે ભેંસોને છોડાવી ચાલકની ધરપકડ કરી હતી.

તંત્રી સ્થાનેથી...

અખાતી દેશોમાં પરેશાની

અખાત દેશમાં કમાણી કરવા માટે ગયેલા ભારતીયો દ્વારા મહેનત કરીને જે નાણાં ભારતમાં મોકલી દેવામાં આવે છે તેની હમેંશા પ્રશંસા થાય છે પરંતુ આના માટે જે કિંમત ભારતીયો ચુકવે છે તેની ક્યારેય ચર્ચા જોવા મળતી નથી. હાલમાં જ આરટીઆઇ હેઠળ એકત્રિત કરવામાં આવેલી સુચના બાદ મુલ્યાંકન પછી જે ચિત્ર સપાટી પર આવ્યુ છે તે કેટલાક પ્રશ્નો ઉઠાવે તે સ્વાભાવિક છે. સાથે સાથે આ માહિતી હચમચાવી મુકે તેવી પણ છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ત્યાંથી આવતી દરેક એક અબજ ડોલરના બદલે સરેરાશ ૧૧૭ ભારતીયોના મોત થાય છે. સીએચઆઇના ખાસ પ્રયાસોના કારણે જુદા જુદા દેશોના ચિત્ર સપાટી પર આવ્યા છે. જેમાં બહેરીન, ઓમાન, કતાર, કુવેત, સાઉદી અરેબિયા અને સંયુક્ત અરબ અમિરાત ગયેલા લોકોને લઇને ચોંકાવનારી વિગત સપાટી સપાટી પર આવી છે. છેલ્લા સાઢા છ વર્ષના ગાળામાં થયેલા ભારતીયોના મોતના સંબંધમાં કેટલીક વિગત ખુલી છે. તેમના દ્વારા મોકલવામાં આવેલા આંકડા પણ ભેગા કરવામાં આવ્યા છે. આઠ દેશોનુ મહત્વ એટલુ છે કે આ છ દેશોમાંથી સૌથી વધારે રકમ ભારત મોકલી દેવામાં આવે છે. દુનિયાભરમાં ફેલાયેલા ભારતીય મુળના લોકોની સંખ્યા ત્રણ કરોડથી વધારે છે. જે પૈકી ૯૦ લાખ લોકો અખાત દેશોમાં છે. જ્યાં સુધી બહારથી મોકલી દેવામાં આવતી રકમની વાત છે ત્યાં સુધી વર્ષ ૨૦૧૨થીવર્ષ ૨૦૧૭ વચ્ચેના ગાળામાં દુનિયામાંથી આવેલી રકમ પૈકી અડધાથી વધારે રકમ આ દેશોમાંથી જ મોકલી દેવામાં આવી હતી. આ પાંચ વર્ષમાં સમગ્ર દુનિયામાંથી ૪૧૦.૩૩ અબજ ડોલરની રકમ ભારતીયોએ સ્વદેશ મોકલી હતી. જે પૈકી ૨૦૯.૦૭ અબજ ડોલર અખાત દેશોમાંથી જ મોકલવામાં આવી હતી. જો કે આ અવધિ દરમિયાન જ ૨૪૫૭૦ ભારતીયોના મોત થયા છે. એટલે કે દરરોજ સરેરાશ ૧૦ ભારતીય દુર્ઘટના અથવા તો એકાએક બિમારીના કારણે મરતા રહ્યા છે. આમાંથી મોટા ભાગના મોત સ્વાભાવિક નથી. રોજી રોટીની શોધમાં અખાત દેશ જતા ભારતીય કામદારોને ખુબ ખરાબ પરિસ્થિતી વચ્ચે રહેવાની ફરજ પડે છે. એક રિપોર્ટ મુજ સંયુક્ત અરબ અમિરાતમાં ૨૦૧૭માં ૩૩૯ ભારતીય નાગરિકોના મોત થયા હતા. જે પૈકી ૬૫ ટકા ૪૫ વર્ષથી પણ નીચેની વયના હતા. મોટા ભાગના લોકોના મોત લુ લાગવા અને હાર્ટ અટેકના કારણે થયા હતા. આજે જ્યારે સમગ્ર વિશ્વમાં ભારતના ડંકાની વાત કરવામાં આવી રહી છે ત્યારે બે દેશોના વિકાસને ગતિ આપનાર લોકો આ રીતે માર્યા જાય તે વાત કોઇને ગળે ઉતરતી નથી. વાસ્તવિકતા એ છે કે અખાત જનાર મોટા ભાગના લોકો મજુરો હોય છે. કામકાજનુ વાતાવરણ તેમને યોગ્ય રીતે મળતુ નથી. ડોક્ટર, એન્જિનિયર અને સ્કીલ લેબરને મળે છે તેવુ વાતાવરણ તેમને મળતુ નથી પરંતુ તેઓ ભારતીય નાગરિક છે અને તેમના જીવન પણ અમારા માટે બિલકુલ યોગ્ય છે. આ બાબતને સમજાવી દેવાની જવાબદારી સૌથી પહેલી સરકારની છે. અખાત દેશોમાં રહેતા ભારતીય નાગરિકો સન્માનથી રહે તે જરૂરી છે.

અખાતમાંથી ભારતીયો જે નાણાં મોકલે છે તેની ચર્ચા દેશમાં વધારે જોવા મળે છે

ઉનાળામાં પીણા ઉપયોગી છે

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ભીષણ ગરમી જારી છે ત્યારે ગરમીથી બચવા માટે તમામ વિકલ્પનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઉનાળાની શરૂઆત થતા હવે મોજા અકળાવી રહ્યા છે અને પારો સતત આસમાન પર પહોંચી રહ્યો છે. હાલમાં તો દરેક વ્યક્તિને એવુ લાગે છે કે ઉનાળાની ગરમી તો આપણને જ શરબ બનાવીને પી જશે. તાપમાન ખુબ વધારે થઇ રહ્યુ છે. ભેજનુ પ્રમાણ પણ ૭૦થી ૮૦ટકા વચ્ચે સુધી પહોંચી ગયુ છે.ભેજનુ પ્રમાણ પૈણ ૭૦થી ૮૦ ટકાની વચ્ચે રહે છે. મોટા ભાગના લોકો આ પ્રકારના વાતાવરણમાં ડિહાઈડ્રેડ અને લો એનર્જીનો અનુભવ કરવા લાગી જાય છે. આવી સિઝનમાં કોઇ પણ પ્રકારની ઠંડકની ચીજ શોધવાના પ્રયાસ કરવામાં આવે છે. આપણા શરીરને ઠંડક થાય તેવા ખોરાકની જરૂર પડે છે. જેથી ખોરાકને સંતુલિત કરી શકાય છે. વધતી જતી ગરમી વચ્ચે શરીરમાં એનર્જી લેવલ રહે તે ખુબ જરૂરી છે. કાળઝાળ ગરમીના કારણે લોકો પહેલાથી જ પરેશાન રહે છે ત્યારે ઠંડા પીણા, આઇસક્રીમ, ગોળાજેવી ચીજો લોકોની પહેલી પસંદ તરીકે રહે છે. સાથે સાથે એસીમાં રહેવાનુ લોકોને પસંદ પડે છે. જાણકાર લોકો કહે છે કે આ પ્રકારની ચીજો થોડાક સમય માટે રાહત આપી શકે છે પરંતુ શરીરના તાપમાનને બગાડી શકે છે. એક સંતુલિત ડાયટ તમામને જરૂરી હોય છે. શરીરનુ હાઇડ્રેશન સારી રીતે જળવાય તે ખુબ જરૂરી છે. ઇલેક્ટ્રોલાઇટ બેલેન્સ હોય તો કેટલીક ઉપરની સમસ્યા તો મ જ ખતમ થઇ શકે છે. ઉનાળાની સિઝનમાં કાળઝાળ ગરમીના કારણે શરીરનુ તાપમાન વધી જાય છે. જેથી વધારે પરસેવો, શરીરમાંથી પાણી ઓછુ થઇ જવુ સોડિયમ અને પોટેશિયમ જેવા ઘટકો ઘટી જવાના બનાવો બને છે. લીંબુ શરબત એક રિફ્રેશિંગ સમર બેવરેજ તરીકે ગણી શકાય છે. મોટા ભાગે બપોરમાં વધારે ગરમી પડે છે. ગરમ લુ ચાલતી હોય છે. આવી સ્થિતીમાં પાણીની તરસ પણ વધારે લાગે છે. જેથી ફ્રીજના બાટલા ખતમ કરવાની ઇચ્છા થઇ જાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે લિંબુના રસમાં ઠંડુ પાણી, તેમાં ફુદના-મિન્ટના ઘટક તત્વો નાંખવાથી ફાયદો થાય છે. લીંબુ વિટામિન સીથી ભરપુર હોય છે. લીબુંમાં થોડાક પ્રમાણમાં મીઠું નાંખવાથી સરસ રિફ્રેશિંગ મળે છે. મિન્ટ તો સામાન્ય રીતે તમામ જગ્યાએ ઉપલબ્ધ રહે છે. ફ્રેશ જ્યુસથી તમને રેડિએન્ટ અને એનર્જેટિક સાઇફ મળે છે. સાથે સાથે સિસ્ટમ ક્લીન કરવામાં મદદ મળે છે. તેમાં ફાઇબર ઘમા પ્રમાણમાં છ. વધતી જતી ગરમી વચ્ચે નારિયેળ પાણી પણ અસરકારક સાબિત થાય છે. નારિયળ પાણી તો દરેક સિઝનમાં લઇ શકાય છે. નારિયળમાં કેલરી-ફ્રેટ ઓછા હોય છે. તેમા વિટામિન, મિનરલ અને અન્ય પૌષખ તત્વો ભરપુર હોય છે. કોકોનટ વોટરનો સૌથી મોટો ફાયદો એ છે કે શરીરની કેટલીક જરૂરિયાત તેના કારણે પૂર્ણ થાય છે.

વિવાદો ટાળવા સુપ્રીમ માર્ગદર્શિકા તૈયાર કરે તે ખુબ જરૂરી...

રાફેલ ડીલના મામલે ફાઈલ ફરી ખુલી

રાફેલ ડીલના મામલાની ફાઇલ ફરી એકવાર ખુલી ગઇ છે. સુપ્રીમ કોર્ટે બુધવારના દિવસે રાફેલ ડીલ સાથે જોડાયેલા કેટલાક નવા દસ્તાવેજોના આધાર પર કેન્દ્ર સરકારની કેટલીક પ્રાથમિક આપત્તિને ફગાવી દીધી હતી. આ દસ્તાવેજો પર સરકારે પોતાના વિશેષાધિકારનો દાવો કર્યો હતો. કોર્ટે કહ્યુ છે કે રાફેલ વિમાનની ખરીદી સાથે જોડાયેલી તમામ અરજીને ફગાવી દેવાના ૧૪મ ડિસેમ્બર ૨૦૧૮ના નિર્ણયને લઇને દાખલ કરવામાં આવેલી ફેરવિચારણા અરજી પર હવે ગુણ દોષના આધાર પર નિર્ણય કરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે ૧૪મી માર્ચના દિવસે એવા વિશેષાધિકારવાળા દસ્તાવેજોની સ્વીકાર્યતાને લઇને કેન્દ્ર સરકારની પ્રાથમિક આપત્તિને લઇને પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. જેને પૂર્વ કેન્દ્રિય પ્રધાન યશવંતસિંહા, અરૂણ શૌરી અને વકીલ પ્રશાંત ભુષણે કોર્ટના ૧૪મી ડિસેમ્બરના ચુકાદાની સામે દાખલ કરવામાં આવેલી ફેરવિચારણા અરજીમાં સામેલ કર્યા હતા. રાફેલ યુદ્ધ વિમાનોની ખરીદીમાં ગેરરિતીનો આરોપ તો છેલ્લા એક બે વર્ષથી વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ ઉપરાંત અન્ય કેટલા નેતાઓએ પણ આરોપ કર્યો છે. આ સંબંધમાં કેટલી અરજી દાખલ કરવામાં આવી ચુકી છે. પરંતુ આરોપો મુકનારને ૧૪મી ડિસેમ્બર ૨૦૧૮ના દિવસે આપવામાં આવેલા ચુકાદાથી મોટો ફટકો પડ્યો હતો. જેમાં કોર્ટે રાફેલ વિમાનની ખરીદી પ્રક્રિયામાં કોઇ પણ પ્રકારની અનિયમિતતા હોવાનો ઇન્કાર કર્યો હતો. પરંતુ એ વખતે પણ આ બાબત સ્પષ્ટ થઇ શક ન હતી કે કોર્ટે આખરે ક્યાં આધાર પર અથવા તો દસ્તાવેજો અને દલીલોના આધાર પર સરકારને ક્લીન ચીટ આપી હતી. આ બાબત યોગ્ય છેકેટલાક મુદ્દા એટલા સંવેદનશીલ હોય છે કે તેની વિગત જાહેર કરી શકાય નહી. પરંતુ અરજી કરનાર લોકોને જવાબ તરીકે કેટલીક



સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ રાફેલ મામલે ચિત્ર વધારે સ્પષ્ટ થઈ શકે : ડિફેન્સ મામલે સોદાને લઈને કોઈ શંકા રહે તે દેશ માટે અયોગ્ય છે

બાબતોની માહિતી મળે તે જરૂરી છે. જેથી તમામ લોકોને સંતોષ થાય. અરજી કરનાર લોકો અને સાથે સાથે દેશના લોકોને પણ લાગે કે સંરક્ષણ સોદામાં કરાર બિલકુલ પારદર્શક રીતે થઇ રહ્યા છે. કોર્ટમાં ન્યાય થાય તે બાબત ઉપયોગી છે. પરંતુ ન્યાય થાય તે તમામ લોકો જુએ તે તેના કરતા વધારે મહત્વપૂર્ણ છે.થોડાક સમય પહેલા મિડિયામાં કેટલીક વિગત સપાટી પર આવી હતી. ત્યારબાદ અરજી કરનાર લોકોએ ફેરવિચારણા અરજી દાખલ કરીને કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો કોર્ટ સમક્ષ પુરાવા તરીકે રજૂ કર્યા હતા.જેના સંબંધમાં કેન્દ્ર સરકારે કોર્ટમાં કહ્યુ હતુ કે અરજી કરનાર લોકોએ આ દસ્તાવેજો ગેરકાયદે રીતે હાંસલ કરી લીધા છે. જેથી કોર્ટ તેને સ્વીકાર ન કરે. જવાબમાં કોર્ટે કહ્યુ હતુ કે અમે કેન્દ્ર દ્વારા સમીક્ષા અરજીમાં કરવામાં આવેલા વાંધાઓને સ્વીકારતા નથી. કોર્ટના આ નિર્ણય બાદ રાફેલ સોદાબાજીમાં સ્થિતી વધારે સ્પષ્ટ થવાના સંકેત દેખાઇ રહ્યા છે. સ્વાભાવિક છે કે આ મામલો સંરક્ષણ સોદાબાજીમાં પારદર્શકતા સાથે સંબંધિત છે. વિતેલા વર્ષોમાં કેટલાક સંરક્ષણ સોદાબાજીને લાંચના કારણે રદ કરવા પડ્યા હતા. જેનુ નુકસાન અમારી સેના આજ સુધી ઉઠાવી રહી છે. આવી સ્થિતી ફરી ઉભી ન થાય તે માટે કોર્ટને રાફેલ સોદાબાજીમાં પોતાના ચુકાદાને આપવાની સાથે સાથે કેટલીક એવી માર્ગદર્શિકા તૈયાર કરવી જોઇએ જેના કારણે તમામ બાબતો પહેલાથી જ સપાટી પર આવે અને કોઇ પણ પ્રકારના હોબાળા ન થાય. રાફેલના લીક દસ્તાવેજોને સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યા છે. સાથે સાથે ફરી સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે ફેંસલો કર્યો હતો. રાફેલ મામલે રિવ્યુ પિટિશન પર નવા દસ્તાવેજોના આધાર પર સુનાવણીનો ફેંસલો કરવામાં આવતા સરકારને ફટકો પડ્યો છે. ભારત અને ફ્રાંસે ૩૬ રાફેલ વિમાનોની ખરીદી માટે ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે ૭.૮૭ અબજ યુરો અથવા તો ૫૯૦૦૦ કરોડ રૂપિયાની સોદાબાજી ઉપર હસ્તાક્ષર કર્યા હતા. આ બંને દેશો વચ્ચેની સરકારો વચ્ચે સમજૂતિ થઇ હતી. ભારતીય એરફોર્સના અપગ્રેડેશન પ્લાન હેઠળ આ સમજૂતિ કરવામાં આવી હતી. આ વિમાનો ફ્રાંસની દસો કંપની દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યા છે. વિમાન ભારતને સપ્ટેમ્બર ૨૦૧૯થી મળવાની શરૂઆત થશે. આ સોદાબાજીની રૂપરેખા સૌથી પહેલા એપ્રિલ ૨૦૧૫માં મોદીની ફ્રાંસની યાત્રા સાથે થઇ હતી. ૧૦મી એપ્રિલ ૨૦૧૫ના દિવસે વડાપ્રધાન મોદી અને તત્કાલિકન ફ્રાન્સીસી પ્રમુખ ઓલાંદ દ્વારા સંયુક્ત નિવેદન જારી કરીને કહેવામાં આવ્યું હતું કે, બંને સરકારોએ ૩૬ રાફેલ યુદ્ધ વિમાનો માટે સહમત થઇ છે. ત્યારબાદ આને લઇને તમામ બાબતો આગળ વધી હતી. જો કે, ભારતમાં આને લઇને હોબાળો શરૂ થઇ ગયો હતો.

સ્મૃતિની વધતી લોકપ્રિયતા વચ્ચે રાહુલની સામે નવા પડકારો...

રાહુલ અને સ્મૃતિ વચ્ચે તીવ્ર ટક્કર

લોકસભાની ચૂંટણીમાં કેટલીક એવી હાઇ પ્રોફાઇલ અને હાઇવોલ્ટેજ સીટ રહેલી છે જેના પરિણામ પર તમામની નજર આ વખતે કેન્દ્રિત થઇ ગઇ છે. આવી સીટોમાં એક સીટ અમેઠી પણ છે. જ્યાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સ્મૃત ઇરાની વચ્ચે સતત બીજી વખત જંગ ખેલાનાર છે. વર્ષ ૨૦૧૪માં સ્મૃતિ ઇરાની રાહુલન સામે હારી ગઇ હતી પરંતુ ત્યારબાદ સ્મૃતિએ અહી તમામ તાકત લગાવી દીધી છે. જેથી આ વખતે પરિણામ શુ રહેશે તે અંગે તરત કોઇ રાજકીય પંડિત જવાબ આપવા માટે તૈયાર નથી. જો કે મોટા ભાગના જાણકાર લોકો હજુ આ બેઠક પર તો રાહુલ ગાંધીને ફેવરીટ ગણે છે. અમેઠીમાં છઠ્ઠી મેના દિવસે પાંચમાં તબક્કાના મતદાનની સાથે મતદાન થશે. રાહુલ ગાંધી અને સ્મૃતિ ઇરાની દ્વારા ભવ્ય રોડ શો અને કાર્યક્રમ વચ્ચે ઉમેદવારી પત્રો ભરી ચુક્યા છે. અમેઠી નહેરુ-ગાંધી પરિવારના એક મજબુત ગઢ તરીકે છે. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે જોરદાર સપાટો મોદી લહેર વચ્ચે બોલાવ્યો ત્યારે પણ અમેઠીની બેઠક તો રાહુલ ગાંધી બચાવી લેવામાં સફળ રહ્યા હતા. આ સીટ પણ રાહુલ ગાંધી ક્યારેય હાર્યા નથી. તેમની સામે અનેક પ્રકારના પડકારો હજુ પણ રહેલા છે. વિકાસના કામોને લઇને પ્રશ્નો થતા રહ્યા છે. આ વખત રાહુલની સામ ટક્કર વધુ મુશ્કેલ છે. કોંગ્રેસના ગઢની સાબિતી આ બાબતથી જ મળી જાય છે કે ૧૯૬૭ બાદથી માત્ર બે વખત ભારતીય જનતા પાર્ટીને અહીંથી જીત મેળવી લેવામાં સફળતા હાથ લાગી છે. એક વખતે જનતા પાર્ટી અને બીજી વખત ભાજપે અહીં સીટ જીતી હતી. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી દ્વારા આ વખત પણ અમેઠી અન રાયબરેલી સીટ કોંગ્રેસ માટે છોડી દીધી છે. વર્ષ ૨૦૧૪માં કેન્દ્રિય પ્રધાન આક્રમક સ્મૃતિ ઇરાની અહીંથી ભલે હારી ગયા હતા પરંતુ સ્મૃતિ અહીં જોરદાર રીતે સક્રિય રહ્યા છે. આ સીટ પર વર્તમાન સાંસદ કોંગ્રેસ પ્રમુખ



રાહુલ ગાંધી ૨૦૦૪થી અમેઠીમાંથી હાર્યા નથી પરંતુ સ્મૃતિ ઇરાની આ વખતે ખુબ પરિશ્રમ કરી રહી છે : છઠ્ઠી મેના દિવસે મતદાન થશે

રાહુલ ગાંધી અને સ્મૃતિ વચ્ચ આ વખતે પણ સીધી ટક્કર થનાર છે. અહીં અનેક મોટા નામ રહી ચુક્યા છે. આ બેઠક પરથી અનેક દિગ્ગજો જીતતા રહ્યા છે. જેમાં રાજીવ ગાંધી ૧૯૮૧થી લઇને ૧૯૯૧ સુધી આ બેઠક પરથી જીતી ગયા હતા. ચાર વખત રાજીવ ગાંધી જીત્યા હતા. ત્રણ વખત હવે રાહુલ ગાંધી જીતી ચુક્યા છે. મુખ્ય મુદ્દાની વાત કરવામાં આવે તો આ સીટ પર બાઇપાસ નિર્માણ, આવારા પશુની સમસ્યા, બેરોજગારી, શિક્ષણ અને આરોગ્યને લઇને કેટલાક મુદ્દા અહી રહેલા છે. સીટની વર્તમાન સ્થિતીની વાત કરવામાં આવે તો રાહુલ ગાંધી હાલમાં સાંસદ તરીકે છે. વર્ષ ૨૦૧૪ બાદથી રાહુલ ગાંધી છથી વધુ વખત અહીં આવ્યા છે. રાહુલે કેટલીક સ્કુલોમાં અહીં મિનરલ વોટરની વ્યવસ્થા કરાવી છે. મંદિરો અને મજારોમાં લાઇટની વ્યવસ્થા પણ રાહુલે કરાવી છે. મલિક મોહમ્મજ જાયસી શોધ સંસ્થા માટે જંગી નાણાં પણ આપ્યા છે. સાથે સાથે આશરે ૪૦૦ હેન્ડપંપ પણ લગાવી આપ્યા છે. અમેઠીમાં વિધાનસભા ક્ષેત્રની વાત કરવામાં આવે તો ચાર ક્ષેત્ર છે. જેમાં અમેઠી સદર, ગૌરીગંજ, જગદીશપુર અને તિલોઇનો સમાવેશ થાય છે. જે પૈકી ત્રણ પર ભાજપ છે. એકમાં સપા છે. અમેઠીના વોટરોની વાત કરવામાં આવે તો મહિલા મતદારોની સંખ્યા અહીં ૯૪૫૦૦૦ નોંધાઇ છે. જ્યારે પુરૂષ મતદારોની સંખ્યા અહીં ૯૨૨૦૦૦ નોંધાઇ છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં મત હિસ્સેદારીની વાત કરવામાં આવે તો અહીં રાહુલ ગાંધીને ૪૭.૭૧ ટકા મત મળ્યા હતા. જ્યારે સ્મૃતિ ઇરાનીને ૩૪.૩૯ ટકા મત મળ્યા હતા. અન્યોને ૧૮.૯૧ ટકા મત મળ્યા હતા. સીટના રાજકીય ભવિષ્યની વાત કરવામાં આવે તો આ વખતે જોરદાર સ્પર્ધા છે. કોંગ્રેસ, ભાજપ અને ગઠબંધનના ઉમેદવાર વચ્ચે સીધી સ્પર્ધા છે. આ સીટ પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે. કારણ કે ગઠબંધને કોંગ્રેસ માટે આ સીટ છોડી દીધી છે. હાર છતાં સ્મૃતિ ઇરાની સતત અહીં પહોંચી રહ્યા છે. આવી સ્થિતીમાં આ વખતે સ્મૃતિ જોરદાર ટક્કર આપી શકે છે. કોઇને કોઇ યોજનાના બહાને તેઓ અહી આવતા રહ્યા છે. રાયબરેલી જિલ્લાની સલોન વિધાનસભા ક્ષેત્રના મતદારો માટે લોકસભા સીટ અમેઠી છે. તે ઉપરાંત સુલ્તાનપુર જિલ્લાની હલિયા વિસ્તારના લોકો પણ અમેઠીમાં મત આપે છે. અમેઠી બેઠક મુળભુત રીતે કોંગ્રેસના ગઢ તરીકે છે. પરંતુ સ્મૃતિ છેલ્લા કેટલાક સમયથી રાહુલ સામે સમસ્યા ઉભી કરતા રહ્યા છે. તેમના આક્રમક વલણને જોતા રાહુલ માટે આ વખતે વધારે મહેનતની જરૂર દેખાઇ રહી છે. રાહુલ ગાંધી આગામી દિવસોમાં અહીં જોરદાર પ્રચાર કરે તેવી શક્યતા પણ છે. વડાપ્રધાન મોદી પણ ભાજપના ઉમેદવાર માટે પ્રચાર માટે પહોંચી શકે છે. હોટ ગણાતી બેઠક પર તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. રાહુલને અમેઠીમાં પણ પૂર્ણ ધ્યાન આપવાની જરૂર છે.

ડિજિટલ કન્ટેન્ટથી તમામ લોકોને આકર્ષિત કરી શકાય છે કારણ કે...

સોશિયલ મિડિયા નેટવર્ક સતત વધ્યુ

સોશિયલ મિડિયાની આ સતત વધી રહેલી દુનિયામાં પોતાને સૌથી અલગ રીતે રજૂ કરવાની બાબત હવે દિન પ્રતિદિન વધુને વધુ મુશ્કેલ બની રહી છે. સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર કેટલાક વિકલ્પ હોવાના કારણે ગ્રાહકોને પોતાની તરફ આકર્ષિત કરવાની બાબત પણ એક પડકારૂપ બની ગઇ છે. ગ્રાહકોને પોતાના બિઝનેસ તરફ આકર્ષિત કરવા માટે આધુનિક સમયમાં એક પછી એક નવા પ્રયોગો કરવા પડે છે. ગ્રાહકોને બિઝનેસ તરફ આકર્ષિત કરવા માટે પોતાની બિઝનેસ વેબસાઇટને ખુબ અલગ રીતે અને આકર્ષક રીતે રજૂ કરવાની હોય છે. બિઝનેસ વેબસાઇટ પર ડિજિટલ કન્ટેન્ટને આવી રીતે રજૂ કરવાની જરૂર હોય છે કે તે ગ્રાહકોને તમારી તરફ આકર્ષિત કરી શકે. કન્ટેન્ટ લખતી વેળા પણ કેટલીક બાબતોને ધ્યાનમાં લેવાની હોય છે. સોશિયલ મિડિયા પર પોતાની ઓળખ ઉભી કરવા માટે અને પોતાની ઇમેજ બનાવવા માટે આપને પોતાના બ્રાન્ડ કોમ્યુનિકેશનમાં ઉપયોગ કરવામાં આવનાર કન્ટેન્ટને સાવધાનીપૂર્વક રજૂ કરવાના હોય છે. ક્વાલિટી પણ તેમાં દેખાવવી જોઇએ. ઇમેજ, વિડિયોની ક્વાલિટીને વધારે યોગ્ય રીતે રજૂ કરવાની જરૂર હોય છે. જો તમે ઓડિયન્સને આર્કષિત કરવા માંગો છો તો આપને આપના કન્ટેન્ટને સારી રીતે રજૂ કરવાની રહેશે. તેને મહત્વ આપવુ પડશે. જો ક્વાલિટી સારી રહેશે તો ઓડિયન્સ આપની સાઇટ પર

સોશિયલ મિડિયાની વધતી દુનિયામાં પોતાને સૌથી અલગ રીતે રજૂ કરવાની બાબત પડકારરૂપ : કન્ટેન્ટ લખતી વેળા ક્રિએટિવિટી જરૂરી

ચોક્કસપણે જશે. જેથી બિઝનેસને પ્રોત્સાહન મળશે. સાથે સાથે આપને સફળતા મળશે. જો તમે તમારી બ્રાન્ડને ઓળખ અપાવવા માટે ઇચ્છુક છો તો આપને એવા ડિજિટલ કન્ટેન્ટનો ઉપયોગ કરવો પડશે જેને ક્લાઇન્ટસ સરળતાથી સમજી શકે અને આકર્ષિત થઇ શકે. ક્વાલિટી કન્ટેન્ટને લોકો વાંચે તે પણ જરૂરી છે. ગ્રાહકો તરફથી રિએક્શન આવે તે પણ જરૂરી છે. આના કારણે આપના બ્રાન્ડની ઓળખ ઉભી થાય છે. પોતાની બ્રાન્ડ અથવા તો સ્ટોરીને ઓનલાઇન દર્શાવવા માટે આપની પાસે ઘણા બધા પ્લેટફોર્મ હોય છે. અલબત્ત ઓડિયન્સ એવા પ્લેટફોર્મને વધારે ઉપયોગ કરે છે જેમાં તેમનો રસ હોય છે. જેથી સૌથી ઉપયોગી બાબત એ છે કે તમે એવા પ્લેટફોર્મ પર હાજર રહો તે જરૂરી છે જેમાં આપને ટાર્ગેટ ઓડિયન્સની આશા વધારે રહે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે સોશિયલ મિડિયાની શરૂઆત લોકોને જોડવા માટેના ઇરાદા સાથે કરવામાં આવી હતી. આજે પણ ઓનલાઇન રહેવા માટે તે બાબત જરૂરી હોય છો. જો તમે ટાર્ગેટ ઓડિયન્સને પોતાની વેબસાઇટ પર આકર્ષિત કરવા માટે ઇચ્છુક છો તો આપને પોતાની વેબસાઇટ પર રિસ્પોન્ડ કરવાની તક મળશે. સોશિયલ મિડિયાની વધતી દુનિયામાં બીજા કરતા અલગ કરવાની જરૂર હોય છે. પોતાના ટાર્ગેટ ઓડિયન્સને આકર્ષિત કરવા માટે કેટલાક નવા આઇડિયા લાવવા પડશે. અથવા તો નવા વિચાર રજૂ કરવા પડશે. બીજા કરતા તમારા અલગ વિચાર રજૂ કરે તે બાબત દર્શાવવી પડશે. સાથે સાથે એ પણ જરૂરી છે કે આપ પોતાને સતત વધુને વધુ જોરદાર બનાવતા રહો. આવુ ન કરવાની સ્થિતીમાં ચાહકો આપનાથી દુર જઇ શકે છે. પ્રોએક્ટિવ રહેવાની બાબત પણ સૌથી ઉપયોગી છે. સોશિયલ મિડિયા પર નવા કન્ટેન્ટ રજૂ કરવાની બાબત જેટલી જરૂરી છે તેટલી જ જરૂરી આ બાબત પણ છે કે આપને આ બાબતની માહિતી હોવી જોઇએ કે ઓડિયન્સ કેવા પ્રકારના કન્ટેન્ટ પસંદ કરી રહી છે. જ્યા સુધી તમારી પાસે ઓડિયન્સની પસંદગી શુ છે તે અંગે માહિતી રહેશે નહીં ત્યાં સુધી તેમને તમારી તરફ ખેંચી શકાશે નહી. ડિજિટલ કન્ટેન્ટથી લોકોને પ્રભાવિત કરવાની સમયની માંગ છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી એક INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

સમૃદ્ધ = ભારત

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ • URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો • 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) સબસીડીપાત્ર **ઓટોમેટિક થ્રેશર**
ઘઉં-ચણાનું (ડાલા, તુવેર, સોયાબીન, જુવાર, બાજરો, ચણા - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર સબસીડીપાત્ર ૯ ફૂટ કટર

હાર્વેસ્ટર (ભીની તથા મોકું) (સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર) સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ કટર

